પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧૫ | ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯, શનિવાર; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે પ્રજાસત્તાક દિન ઉલ્લાસપૂર્વક ઉજવાશે

**દેશવાસીઓમાં ભારે ઉત્સાહ : દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામાફોસા મુખ્ય મહેમાન રહેશે : ઐતિહાસિક રાજપથ-લાલકિલ્લા વચ્ચે પરેડના માર્ગ પર લોકોની ગતિવિધિ ઉપર નજર રાખવા ક્લોઝ સર્કિટ કેમેરા : પરેડ, મિસાઇલો આકર્ષણનુ કેન્દ્ર**



નવી દિલ્હી, તા.૨૫

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ, વડાપ્રધાન નરેન્દર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો રહેશે. વિપક્ષના તમામ નેતાઓ પણ હાજર રહેશે. આ વર્ષે પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં અને પરેડમાં ૫૮ જનજાતિ મહેમાન પણ આકર્ષણ જમાવશે. જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૨ ઝાંકીઓ તેમજ સ્કુલી બાળકો દ્વારા રજૂ કરવામાં આવનાર કાર્યક્રમ પણ આકર્ષણ જમાવશે. પ્રજાસત્તાક દિવસ કાર્યક્રમની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડિયા ગેટ સ્થિત અમર જવાન જ્યોતિ પર શહીદોને પુષ્પાજંલિ આપીને કરશે. વિકાસ પર આધારિત કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગની ઝાંકીઓ પણ આ વર્ષે આવતીકાલે આકર્ષણ જમાવશે. સાંસ્કૃતિક વિષય પર આધારિત કેટલીક

● અનુસંધાન પાન-૫ પર

## વિવિધતા ભારતની સૌથી મોટી તાકાત : રાષ્ટ્રપતિ

**રાષ્ટ્રને નામ સંબોધનમાં રામનાથ કોવિંદે વિવિધ મુદ્દે વાત કરી : ડાયવર્સિટી, ડેમોક્રેસી અને ડેલવપમેન્ટ વિશ્વ માટે દાખલા સમાન છે**

નવી દિલ્હી, તા. ૨૫

૭૦માં પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રના નામ પોતાના સંબોધનમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે કહ્યું હતું કે, દેશના સંશાધનો ઉપર તમામ લોકોનો એક સમાન અધિકાર છે. કોઈપણ સમુદાય કે ક્ષેત્રના હોય તો પણ તમામનો એક સમાન અધિકાર છે. તેમણે કહ્યું હતું હતું કે, ભારતની એકતા સૌથી મોટી તાકાત રહેલી છે. ડાયવર્ટસિટી, ડેમોક્રેસી અને ડેવલપમેન્ટ સમગ્ર દુનિયાની સામે એક દાખલા સમાન છે. તેમણે કહ્યું હતં કે, તમામ વર્ગ અને તમામ સમુદાયને યોગ્ય સ્થાન આપવા માટે રાષ્ટ્ર વિશ્વમાં નોંધ લેવા જેવા રેકોર્ડ ધરાવે છે. આ દિશામાં આગળ વધીને અમને એક એવા સમાજનું નિર્માણ કરવાનું છે જેમાં દરેક પુત્ર-પુત્રીની વિશેષતા, ક્ષમતા અને



● અનુસંધાન પાન-૫ પર

### ૮૫૫ પોલીસ કર્મીઓ સન્માનિત કરાશે

નવીદિલ્હી, તા. ૨૫

પ્રજાસત્તાક દિવસના એક દિવસ પહેલા જ પોલીસ અને અર્ધલશ્કરી દળોના કુલ ૮૫૫ કર્મીઓને પોલીસ ચંદ્રકોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આમાંથી ૧૪૯ પોલીસ કર્મીઓને જમ્મુ કાશ્મીર અને નકસલવાદીગ્રસ્ત વિસ્તારો અને અન્ય ક્ષેત્રોમાં સાહસી સેવા આપવા બદલ ચંદ્રક આપવામાં આવશે.

## ભારત રત્ન અવૉર્ડ નાનાજી દેશમુખ, ભૂપેન હજારીકા અને પ્રણવ મુખરજીને અપાશે

નવી દિલ્હી, તા.૨૫

દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન એવોર્ડ 'ભારત રત્ન'ની જાહેરાત પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ભારત સરકાર દ્વારા કરાઈ હતી. ભારત રત્ન એવૉર્ડ આ વર્ષે જાણીતા રાજકીય અગ્રણી અને ગ્રામોત્થાનની પ્રવૃત્તિમાં ઓતપ્રોત સ્વ. નાનાજી દેશમુખને મરણોત્તર અવૉર્ડ અપાશે. ભારતીય સંગીત ક્ષેત્રના સુપ્રસિદ્ધ ગાયક ભૂપેન હજારીકાને પણ ભારત રત્ન એવૉર્ડ આપવાની જાહેરાત કરાઈ હતી. અને પૂર્વ રાષ્ટ્રપતિ તથા કોંગ્રેસ સરકારના પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પ્રણવ મુખરજીને પણ ભારત રત્ન એવૉર્ડ એનાયત કરવાનું નક્કી કરાયું છે.



ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

આજે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા. ૨૬-૧-૨૦૧૯ને શનિવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૨૭-૧-૨૦૧૯ને રવિવારનો અંક પ્રગટ થશે નહિં. જેની વાંચક, વિતરક અને વિજ્ઞાપનદાતા પરિવારોને નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

## હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી હુડાના આવાસ પર સીબીઆઈના દરોડા

**સીબીઆઈની ટુકડીએ સવારથી જ દરોડાની કાર્યવાહી હાથ ધરી : કોંગ્રેસ પાર્ટીમાં જોરદાર સોપો પડી ગયો : હુડાના રોહતક સ્થિત આવાસ પર દરોડા પડ્યા : દિલ્હી-એનસીઆરમાં ૩૦થી વધુ જગ્યાઓ ઉપર પણ દરોડા**

ચંદીગઢ,તા. ૨૫

હરિયાણાના પૂર્વ મુખ્યપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભુપેન્દ્રસિંહ હુડ્ડાના રોહતક સ્થિત આવાસ પર આજે સીબીઆઈની ટીમે વ્યાપક દરોડા પાડતા રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો હતો. દરોડાની કાર્યવાહી વહેલી સવારે હાથ ધરવામાં આવી હતી અને કલાકો સુધી ચાલી હતી. સીબીઆઈની ટુકડીએ સાવધાનીપૂર્વક ચકાસણીનો દોર ચલાવ્યો હતો. સુત્રોએ કહ્યુ હતુ કે વ્યાપક દરોડાની કાર્યવાહી મોડે સુધી ચાલી હતી. દરોડા પાડવામાં આવ્યા ત્યારે હુડ્ડા આવાસ પર જ હતા. સીબીઆઈની ટીમે કોઈને અંદર અથવા તો બહાર જવાની

● અનુસંધાન પાન-૫ પર



### વિરોધ પક્ષોને પરેશાન કરવા સીબીઆઈનો ઉપયોગ થયો : મમતા

નવી દિલ્હી, તા. ૨૫

ભાજપના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સાથી પૈકી એક તરીકે સીબીઆઈને ગણાવીને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્ર સરકાર દ્વારા સીબીઆઈનો ઉપયોગ વિરોધ પક્ષના નેતાઓને હેરાન કરવા માટે કરવામાં આવી રહ્યો છે. સમગ્ર દેશમાં વિરોધ પક્ષોને હેરાન કરવા માટે સીબીઆઈનો ઉપયોગ કરવામાં આવે છે. મમતા બેનર્જીએ સીબીઆઈને ભાજપના સાથી તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, સીબીઆઈને નવા ડિરેક્ટર હજુ સુધી મળ્યા નથી. સીબીઆઈમાં સંપૂર્ણ નિષ્ક્રિયતા જોવા મળી રહી છે. આજે હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હૂડાના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા બાદ મમતા બેનર્જીએ આ અંગેની પ્રતિક્રિયા આપી હતી.

### ઇસરોએ સી-૪૪ દ્વારા બે સેટેલાઇટનું સફળ લોન્ચિંગ કર્યુ

અમરાવતી,તા.૨૫

આંધ્રપ્રદેશમાં આવેલા શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી અડધી રાત્રે પીએસએલવીના લોન્ચ વ્હિકલ સી-૪૪ દ્વારા બે સેટલાઈટનું સફળ લોન્ચિંગ કરાયું છે. પાંચ મહિનામાં બીજી વખત એવું બન્યું હતું કે અહીં સેટેલાઈટનું લોન્ચિંગ રાતના સમયે કરાયું. લોન્ચિંગનો સમય નક્કી કરવામાં સેટેલાઈટ માઈક્રોસેટ-આર એ મુખ્ય ભૂમિકા નિભાવી. ઈસરોના ચેરમેન સિવનનું કહેવું છે કે સેટેલાઈટની જરૂરિયાત પ્રમાણે સમયની પસંદ કરાઈ.

## રામમંદિર મામલે સુનાવણી માટે નવી બેંચની રચના

**યુયુ લલિતે સુનાવણીથી પોતાને અલગ કરી લેતા સુનાવણી ટળી હતી : પાંચ જજની બેંચમાં જસ્ટિસ અશોક ભુષણ અને જસ્ટિસ નઝીર સામેલ કરાયા છે**

નવી દિલ્હી,તા. ૨૫

અયોધ્યા મામલાની સુનાવણી માટે દેશના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ આખરે નવી બેંચની રચના કરી દીધી છે. આ બેંચમાં જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ અબ્દુલ નઝીર સામેલ છે. ૨૯મી જાન્યુઆરીના દિવસે પાંચ જજની બેંચ દ્વારા આ મામલાની સુનાવણી કરવામાં આવશે. બેંચમા અન્ય ત્રણ જજમાં સીજેઆઈ, જસ્ટિસ એસએ બોબડે અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ સામેલ છે. ભારે ચર્ચાસ્પદ અયોધ્યા મામલામાં સુનાવણી ૧૦મી જાન્યુઆરના દિવસે ફરી એકવાર ૨૯મી જાન્યુઆરી સુધી ટાળી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં પણ તારીખ પર તારીખ પડવાનો સિલસિલો જારી રહ્યો હતો. પાંચ જજની બંધારણીય પીઠમાં સામેલ રહેલા જસ્ટીસ યુયુ લલિતે આ મામલામાંથી પોતાને અલગ કરી લેતા સુનાવણી ફરી એકવાર ટળી ગઈ હતી. અગાઉ સુપ્રીમ કોર્ટે પાંચ જજની બંધારણીય બેંચની રચના કરી હતી. સાથે સાથે સુનાવણી ૧૦મી જાન્યુઆરીના દિવસથી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે સુનાવણી ટળી ગઈ હતી. તે પહેલા વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં

● અનુસંધાન પાન-૫ પર




RAJVEE FOOD CORNER
The Taste of Royal Essence

WINTER SPECIAL
HALDI SABJI
&
SARSON KA SAAG

LIVE KITCHEN



Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occession...

Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

For Banquet Inquiry : 89801 08444

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

મીલ્સેંટ
70 વર્ષોનો વિશ્વાસ

મીલ્સેંટ NEO Talky
ફક્ત ₹17990
₹13590

No.1 ઘરઘંટી ઓફર
લાઈફટાઈમ ગૅરન્ટી
ગ્રાઈન્ડીંગ ચૅમ્બર પર (જાળી સિવાય)

સર્ટિફાઈડ ઈલેક્ટ્રિક મોટર



પ્રીમિઅમ સીરિઝ મૉડલ

*શરતો લાગુ.
ઑફર મર્યાદિત સમય માટે જ



સાથે મેળવો
₹3190/- MRPનું
Jaipan મિક્સર ગ્રાઈન્ડર
(ફક્ત ₹1199/-ભરીને)

ONE/milcent/1-19

• ગાંધીનગર : ચંદન ઇલેક્ટ્રોનિક્સ, 9227400188 • ઉમીયા ઇલેક્ટ્રોનિક્સ, 23241511 • ડ્રીમ ઇલેક્ટ્રોનિક્સ, 23248060 • કલોલ : શ્રી નવકાર ઇલેક્ટ્રોનિક્સ, 9879274440 • અરીહંત સેલ્સ એજન્સી, 9825005375 • રોનક ઇલેક્ટ્રોનિક્સ, 9898937108 • ન્યુ રોયલ મોબાઈલ, 9824148330 • ધન્વી ઇલેક્ટ્રોનિક વર્લ્ડ, 9427081444 • ચિલોડા : સદ્‌ગુરૂ ઇલેક્ટ્રોનિક્સ, 9426273954 • અંબિકા ઇલેક્ટ્રોનિક્સ, 9898084803 • માણસા : રોયલ ઇલેક્ટ્રોનિક્સ, 9737701177 • ગોપી ઇલેક્ટ્રોનિક્સ, 9925171591 • દહેગામ : શ્રી ઉમિયા ઇલેક્ટ્રોનિક્સ, 230958 • સાણંદ : કિશન ઇલેક્ટ્રોનિક્સ, 9537772728 • પૂજા ઇલેક્ટ્રોનિક્સ, 9898114183 • ગોઝારીયા : અંબિકા વૉચ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ, 9714002030 • વિરમગામ : મારૂતી ઇલેક્ટ્રોનિક્સ, 234593 • ઘનશ્યામ રેડિયો, 9725380383 • રખીયાલ : અર્બુદા ઇલેક્ટ્રોનિક્સ, 9429023840 • ગણેશ એન્ટરપ્રાઈઝ, 9925665855 • વહાણવટી ઇલેક્ટ્રોનિક્સ, 9824259512 • બહીયલ : ખ્વાજા ઇલેક્ટ્રોનિક્સ, 9909293786 • કુડાસણ : શિવ હોમ એપ્લાયન્સીસ, 8980933111 • ચાંદખેડા : આદ્યશક્તિ ઇલેક્ટ્રોનિક્સ, 7567890901 • જે.કે. ઇલેક્ટ્રોનિક્સ, 9898621130 • પૂનમ ગૃહ વસ્તુ ભંડાર, 9601688514 • સૂર્યા ઇલેક્ટ્રોનિક્સ એન્ડ એપ્લાયન્સીસ, 9925049594 • મોટેરા : ઉમિયા ઇલેક્ટ્રોનિક્સ, 98245 41798

Milcent Helpline No.: 1800 233 3223

મીલ્સેંટ કસ્ટમર કેર સેન્ટર. ફોન : 02692-235223, 235323, 235296. Email : milcentin@hotmail.com